# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/328 Dt. 08/02/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બજેટ બાદ કોમોડિટી માર્કેટના ટ્રેન્ડ્સ અંગે ‘ફ્રોમ બજેટ ટુ બુલિયન’ સંદર્ભે વિશેષ સેશન યોજાયું

## માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ કોમોડિટી માર્કેટ સંદર્ભે માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘ફ્રોમ બજેટ ટુ બુલિયન – અન્ડરસ્ટેન્ડીગ કોમોડિટી માર્કેટ ટ્રેન્ડ્સ પોસ્ટ બજેટ ૨૦૨૬’ વિષય પર એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં બજેટ ૨૦૨૬ બાદ કોમોડિટી માર્કેટમાં થતા ફેરફારો, ખાસ કરીને બુલિયન, ધાતુઓ અને અન્ય કોમોડિટીઝના ભાવ ટ્રેન્ડ્સ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં જાણીતા માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટ સંદર્ભે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે, બજેટ બાદ કોમોડિટી માર્કેટમાં થતી હલચલને સમજીને યોગ્ય નિર્ણય લેવું ઉદ્યોગકારો, રોકાણકારો અને વેપારીઓ માટે અત્યંત જરૂરી છે. વૈશ્વિક પરિસ્થિતિ, સરકારી નીતિઓ અને બજેટના નિર્ણયો કોમોડિટી માર્કેટ પર સીધી અસર કરે છે, જેને સમજવા માટે આવા સેમિનાર સમયની માંગ છે.

ડીઆરચોકસી ફિનસર્વ પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર અને પ્રખ્યાત માર્કેટ એક્ષ્પર્ટ શ્રી દેવેન ચોકસીએ રોકાણકારોને કોમોડિટી માર્કેટની પરિસ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે બજેટ ૨૦૨૬ બાદ બુલિયન, સોના–ચાંદી, ધાતુઓ અને એનર્જી કોમોડિટીઝના ભાવોમાં શક્ય ટ્રેન્ડ્સ, વૈશ્વિક અર્થવ્યવસ્થા, વ્યાજદરો, મોંઘવારી અને જીઓ–પોલિટિકલ પરિસ્થિતિના પ્રભાવ અંગે ઊંડાણપૂર્વક વિશ્લેષણ રજૂ કર્યું હતું.

શ્રી ચોકસીએ જણાવ્યું હતું કે, કોમોડિટી માર્કેટમાં રોકાણ કરતી વખતે લાંબા ગાળાની દૃષ્ટિ, જોખમ વ્યવસ્થાપન અને યોગ્ય માહિતી આધારિત નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે ઉદ્યોગકારો અને રોકાણકારોને માર્કેટના ભાવોમાં ઉતાર–ચડાવ વચ્ચે સંતુલિત વ્યૂહરચના અપનાવવાની સલાહ આપી હતી.

આ સેમિનારમાં ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, કમિટીના સભ્યો, રોકાણકારો અને ફાયનાન્સ પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી કેતન દલાલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સેશન દરમિયાન પ્રશ્નોત્તરી સત્રમાં ઉપસ્થિતોએ બજાર સંબંધિત વિવિધ પ્રશ્નો પુછયા હતા, જેના સંતોષકારક જવાબ શ્રી દેવેન ચોકસીએ આપ્યા હતા.